ટેન્ડર ફોર્મ ફી રૂા.૧૦૬૨/–
ઈએમડી રૂા.૨૦,૦૦૦/–

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## વિડિઓગ્રાફી, ફોટોગ્રાફી તથા ઇવેન્ટ ડોક્યુમેન્ટેશન સેવાઓ અંગેનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ

ટેન્ડર ફોર્મ
વર્ષ:– ૨૦૨૬–૨૭

# <u>ટેન્ડર ભરનાર ઈજારદારની માહિતી</u>

(૧) ટેન્ડર ભરનારનું નામઃ–

........................................................................

(૨) સરનામું :–

........................................................................

........................................................................

(૩) ટેલીફોન નં.(ઓફિસ)

........................................................................

(૪) મોબાઈલ નબર

........................................................................

(૫) સંસ્થાની માલિકી :પેઢી/ભાગીદારી/કંપની

......................................................................

(૬) ભાગીદારી પેઢી હોય તો ભાગીદારીના તથા કંપની હોય તો કંપનીના ડિરેકટરોના નામ / સરનામા દર્શાવવા

........................................................................

........................................................................

(૭) સંસ્થા નોધણી નં.(સંસ્થાની નોધણીના પ્રમાણણત્રની નકલ સામેલ કરવી.)

........................................................................

(૮)ઈન્કમટેક્ષ કાર્ડ નં.( પાન કાર્ડની નકલ સામેલ કરવી.)

.......................................................................

(૯)જી.એસ.ટી. નંબર (નોધણીના પ્રમાણપત્રની નકલ સામેલ કરવી.)

......................................................................

(૧૦) બેંકની માહિતી અને સરનામું.

......................................................................

નોધઃ– ઉપર મુજબ જરૂરી દસ્તાવેજોની પ્રમાણીત નકલ જોડવી અન્યથાં ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ/રદ કરવામાં આવશે.

સ્થળઃ

તારીખઃ પાર્ટીના સહી તથા સિક્કા

સંમતિપત્ર

**પ્રતિ,**
કુલસચિવશ્રી,
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય : વિડિઓગ્રાફી, ફોટોગ્રાફી તથા ઇવેન્ટ ડોક્યુમેન્ટેશન સેવાઓ માટેના વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ ટેન્ડર અંગે ભાવપત્રક રજૂ કરવા બાબત.**

જય ભારત સાથે ઉપરોક્ત વિષય અન્વયે અમો વિડિઓગ્રાફી, ફોટોગ્રાફી તથા ઇવેન્ટ ડોક્યુમેન્ટેશન સેવાઓ માટેના વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ ટેન્ડર અંતર્ગત અમારું ભાવપત્રક સીલબંધ કવરમાં રજૂ કરીએ છીએ.

ટેન્ડર દસ્તાવેજમાં દર્શાવેલ તમામ શરતો, નિયમો અને સૂચનાઓ અમે ધ્યાનપૂર્વક વાંચી, સમજી તથા સ્વીકારી છે. ટેન્ડરની તમામ શરતોનું પાલન કરવાની અમારી સંપૂર્ણ જવાબદારી રહેશે.

જો ટેન્ડરની કોઈપણ શરતનો ભંગ અમારી તરફથી થશે અથવા કરારની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળતા રહેશે, તો યુનિવર્સિટીને નિયમ મુજબ અમારી દ્વારા જમા કરાવેલ સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરવાનો અધિકાર રહેશે, જે અમને સ્વીકાર્ય રહેશે અને તે અંગે અમારો કોઈ વાંધો કે દાવો રહેશે નહીં.
અત્રે ટેન્ડર ફી તથા ઈએમડી (EMD) ની વિગતો નીચે મુજબ છે :

**ટેન્ડર ફી (Tender Fee)**

- રકમ : રૂ. 1,062/-
- ડિમાન્ડ ડ્રાફ્ટ નં. : ___________________
- તારીખ : ___________________
- બેંકનું નામ : ___________________

**અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)**

- રકમ : રૂ. 20,000/-
- ડિમાન્ડ ડ્રાફ્ટ નં. : ___________________
- તારીખ : ___________________
- બેંકનું નામ : ___________________
-

સ્થળ : ___________________
તારીખ : ___________________

**ટેન્ડરદારનું નામ :** ___________________
**અધિકૃત સહી :** ___________________
**પેઢીનો સિક્કો :** ___________________

બાંહેધરી

પ્રતિ,
કુલસચિવશ્રી
કચ્છ યુનિવર્સિટી,ભુજ

વિષય: ગુનાહિત કે છેતરપિંડી સંબંધિત કેસ અંગે સ્વઘોષણા.

હું નીચે સહી કરનાર ......................................................................................, પેઢી/સંસ્થા ................................................ તરફથી આથી જાહેર કરું છું કે અમારી પેઢી/સંસ્થા, તેના માલિક, ભાગીદાર, ડિરેક્ટર અથવા અધિકૃત પ્રતિનિધિ વિરુદ્ધ કોઈ પણ અદાલત દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ, છેતરપિંડી, ભ્રષ્ટાચાર, વિશ્વાસઘાત, ગેરરીતિ અથવા જાહેર નાણાંના દુરુપયોગ સંબંધિત કેસમાં સજા થયેલ નથી.

વધુમાં એ પણ જાહેર કરું છું કે આ સ્વઘોષણામાં આપેલ માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી અને સંપૂર્ણ છે. જો ભવિષ્યમાં આ માહિતી ખોટી, અપૂર્ણ અથવા ભ્રામક હોવાનું જણાશે તો ટેન્ડરિંગ સત્તાધિકારી દ્વારા મારી/અમારી અરજી અથવા કરાર કોઈપણ તબક્કે રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે, જે મને/અમને સ્વીકાર્ય રહેશે.

સ્થળ: ___________

તારીખ: ___________

**ટેન્ડરદારનું નામ :** __________________
**અધિકૃત સહી :** __________________
**પેઢીનો સિક્કો :** __________________

બાંહેધરી

પ્રતિ,
કુલસચિવશ્રી
કચ્છ યુનિવર્સિટી,
ભુજ

વિષય: **Blacklisting અંગેનું સ્વઘોષણા પત્ર**

નીચે સહી કરનાર ..........................................................................................., પેઢી/સંસ્થા ................................................ તરફથી આથી જાહેર કરું છું કે અમારી પેઢી/સંસ્થા છેલ્લા ત્રણ (03) વર્ષ દરમિયાન કોઈપણ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સરકારી વિભાગ, જાહેર ક્ષેત્રના ઉપક્રમ (PSU), સ્વાયત્ત સંસ્થા, યુનિવર્સિટી, બોર્ડ, નિગમ અથવા અર્ધસરકારી સંસ્થા દ્વારા Blacklist, Debar, Ban અથવા Tender Participation માટે પ્રતિબંધિત કરવામાં આવેલ નથી.

વધુમાં એ પણ જાહેર કરું છું કે હાલમાં અમારી પેઢી/સંસ્થા વિરુદ્ધ કોઈપણ સરકારી/અર્ધસરકારી સંસ્થા સમક્ષ Blacklisting અથવા Debarment અંગેની કાર્યવાહી અમલમાં નથી.

સ્થળ: ___________

તારીખ: ___________

**ટેન્ડરદારનું નામ :** __________________
**અધિકૃત સહી :** __________________
**પેઢીનો સિક્કો :** __________________

## વિડિઓગ્રાફી અને ફોટોગ્રાફી સેવા માટે કાર્યક્ષેત્ર (Scope of Work)

**1. કાર્યનો ઉદ્દેશ**

કચ્છ યુનિવર્સિટીમાં દ્વારા આયોજિત શૈક્ષણિક, વહીવટી, સાંસ્કૃતિક, રમતગમત, સંશોધન, તાલીમ, સેમિનાર, વર્કશોપ, કોન્ફરન્સ, યુથ ફેસ્ટીવલ, દીક્ષાંત સમારોહ, મહાનુભાવોની મુલાકાત, વિવિધ ઉજવણીઓ તથા અન્ય સત્તાવાર કાર્યક્રમોનું વ્યાવસાયિક HD ફોટોગ્રાફી, HD વિડિયોગ્રાફી, વેબ કાસ્ટિંગ, LED ડિસ્પ્લે અને ડિજિટલ કાર્ય, સંબંધિત સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે અનુભવી અને લાયકાત ધરાવતા એજન્સીઓ/ફર્મો પાસેથી એક વર્ષની અવધિ માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે.

**2. કામગીરીનો વ્યાપ**

નીચે મુજબની કામગીરી કરવાની રહેશે:

**(A) ફોટોગ્રાફી સેવા**

- કાર્યક્રમ દરમિયાન વ્યાવસાયિક HD Camera દ્વારા ફોટોગ્રાફી કરવી.
- કાર્યક્રમના તમામ મહત્વપૂર્ણ પ્રસંગો, મહાનુભાવો, ઉપસ્થિતો તથા પ્રવૃત્તિઓનું કવરેજ કરવું.
- ઉચ્ચ ગુણવત્તાવાળા High Resolution ફોટોગ્રાફ્સ પ્રદાન કરવા.
- જરૂરી ફોટોગ્રાફ્સનું કલર કરેકશન, ક્રોપિંગ તથા બેઝિક એડિટિંગ કરવું.
- ડિજિટલ ફોર્મેટમાં ફોટોગ્રાફ્સ સોંપવા.

**(B) વિડિઓગ્રાફી સેવા**

- Full HD અથવા તેથી ઉચ્ચ ગુણવત્તામાં વિડિઓ રેકોર્ડિંગ કરવું.
- જરૂરી હોય ત્યારે Multi-Camera Coverage પ્રદાન કરવું.
- કાર્યક્રમના મુખ્ય ભાગોનું સતત રેકોર્ડિંગ કરવું.
- સાઉન્ડ રેકોર્ડિંગ માટે જરૂરી Audio Equipment નો ઉપયોગ કરવો.
- Final Edited Video તૈયાર કરીને સોંપવી.

**(C) ઇવેન્ટ ડોક્યુમેન્ટેશન**

- કાર્યક્રમનું સંપૂર્ણ દસ્તાવેજીકરણ કરવું.
- Highlight Video, Documentary Clip અથવા Event Summary Video /reel તૈયાર કરવી (જરૂરિયાત મુજબ).
- યુનિવર્સિટી/સંસ્થાની માંગણી મુજબ ડિજિટલ આર્કાઇવ માટે ફાઇલો ઉપલબ્ધ કરાવવી.

**3. સાધનો અને માનવબળ**

સેવા પ્રદાતા દ્વારા પોતાની વ્યવસ્થાએ નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની રહેશે:

- Professional DSLR/HD/Mirrorless Cameras
- Professional Video Cameras
- Tripod, Gimbal, Stabilizer
- Professional Lighting Equipment
- Audio Recording Devices
- Drone Camera (જ્યાં કાયદેસર પરવાનગી પ્રાપ્ત હોય અને માંગણી કરવામાં આવે ત્યારે)
- અનુભવી ફોટોગ્રાફર અને વિડિઓગ્રાફર
- Bidder પાસે પોતાના DSLR/Video Camera/LED Screen હોવા અંગે Self Declaration TENDAR સાથે જોડવાનું રહેશે.

**4. ડિલિવરેબલ્સ**

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ:

- ફોટોગ્રાફ્સ
- તમામ Raw Photographs (જરૂરિયાત મુજબ)
- વિડિઓ ફાઇલ
- Highlight Video (જો લાગુ પડતું હોય)
- સુચના મુજબ Pen Drive/DVD /Cloud Link દ્વારા ડિજિટલ ડેટા નિયત સમયમર્યાદામાં સોંપવાનું રહેશે.
- દરેક કાર્યક્રમના મુખ્ય 25 GEO TAG ફોટો અલગથી આપવાના રહેશે.

**5. ગુણવત્તા ધોરણો**

- તમામ કામગીરી વ્યાવસાયિક ધોરણો અનુસાર કરવામાં આવશે.
- ફોટોગ્રાફ્સ અને વિડિઓ સ્પષ્ટ, સ્થિર તથા ઉપયોગલાયક ગુણવત્તાના હોવા જોઈએ.
- યુનિવર્સિટીના પ્રતિનિધિની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

**6. સમયપાલન**

- કાર્યક્રમ શરૂ થવાના નિયત સમય પહેલાં સ્થળ પર હાજર રહેવું.
- જરૂરી સાધનો સાથે સંપૂર્ણ તૈયારીમાં રહેવું.
- કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી કવરેજ ચાલુ રાખવું.

**7. ચુકવણી**

- ચુકવણી વાસ્તવિક સેવા, કાર્ય સંતોષકારક રીતે પૂર્ણ થયાનું પ્રમાણપત્ર તથા બિલના આધારે કરવામાં આવશે.
- કોઈ ન્યૂનતમ કામની ખાતરી (Minimum Work Guarantee) આપવામાં આવતી નથી.
- જરૂરિયાત મુજબ Work Order આધારિત સેવા લેવામાં આવશે.

## ટેન્ડરની વિગતો

- ટેન્ડરનું નામ : ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, વેબ કાસ્ટિંગ તથા LED ડિસ્પ્લે સેવાઓ માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ
- કરાર સમયગાળો : 01 વર્ષ
- ટેન્ડર ફી : રૂ. 1062/- (બિનપરતપાત્ર)
- EMD : રૂ. 20,000/-

## 2. પાત્રતા માપદંડ

1. બિડર પાસે માન્ય PAN અને GST નોંધણી હોવી આવશ્યક રહેશે.
2. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સરકારી વિભાગ/યુનિવર્સિટી/સ્વાયત્ત સંસ્થા/PSU/શૈક્ષણિક/ સંસ્થામાં સમાન પ્રકારની સેવા આપ્યાનો અનુભવ હોવો જોઈએ.
3. ઓછામાં ઓછા ત્રણ Work Order/Completion Certificate રજૂ કરવાના રહેશે.
4. બિડર છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ સરકારી સંસ્થા દ્વારા Blacklist થયેલ ન હોવો જોઈએ.
5. ગુનાહિત કે છેતરપિંડી સંબંધિત સજાનો કોઈ રેકોર્ડ ન હોવો જોઈએ.
6. જરૂરી માનવબળ અને સાધનો ઉપલબ્ધ હોવા જોઈએ.

## 3. ટેન્ડર સાથે જોડવાના દસ્તાવેજો

- PAN Card
- GST Registration Certificate
- Firm Registration / Udyam Registration (જો લાગુ પડે)
- અનુભવના Work Orders / Completion Certificates
- Blacklisting ન થયાનું Self Declaration.
- ગુનાહિત કેસ અંગેનું Self Declaration.
- Bidder પાસે પોતાના DSLR/Video Camera/LED Screen હોવા અંગે Self Declaration.
- Tender fee & EMD

## ❖ કામગીરી અંગેની મુખ્ય શરતો

**. કરારનો પ્રકાર**

1. આ ટેન્ડર વાર્ષિક Rate Contract આધારિત રહેશે.
2. સેવા જરૂરિયાત મુજબ Work Order ના આધારે લેવામાં આવશે.
3. કોઈપણ પ્રકારની Minimum Work Guarantee આપવામાં આવતી નથી.
4. યુનિવર્સિટી જરૂરિયાત મુજબ કામગીરીમાં વધારો, ઘટાડો અથવા ફેરફાર કરી શકશે.
5. વાસ્તવિક કામગીરી અને ઉપયોગ મુજબ જ ચુકવણી કરવામાં આવશે.

**2. કામગીરી સંબંધિત શરતો**

1. સેવા પ્રદાતાએ યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ તારીખ, સમય અને સ્થળે હાજર રહી કામગીરી કરવી રહેશે.
2. દરેક કાર્યક્રમ માટે સંબંધિત વિભાગ/શાખા દ્વારા અલગ Work Order / Requisition આપવામાં આવશે.
3. LED Screen, Photography, Videography, Drone Coverage, Live Streaming, Web Casting વગેરે સેવાઓ જરૂરિયાત મુજબ જ મંગાવવામાં આવશે.
4. તમામ સાધનો, માનવબળ, વાહનવ્યવહાર, લાઇટિંગ, વાયરિંગ, ઓડિયો સિસ્ટમ, Editing, Installation તથા Operation ની વ્યવસ્થા સેવા પ્રદાતાએ પોતાના ખર્ચે કરવી રહેશે.
5. કાર્યક્રમની તારીખ, સમય અથવા સ્થળમાં ફેરફાર થાય અથવા કાર્યક્રમ રદ થાય તો સેવા પ્રદાતા કોઈ વધારાના વળતરનો દાવો કરી શકશે નહીં.
6. યુનિવર્સિટીના મહત્વના કાર્યક્રમો માટે જરૂરિયાત મુજબ પૂર્વ તૈયારી, ટ્રાયલ અથવા ડેમો કવરેજ આપવાનું રહેશે, જેના બદલામાં કોઈ વધારાની ચૂકવણી કરવામાં આવશે નહીં.
7. ટેન્ડરમાં દર્શાવેલ કામગીરી ની આઇટમો અંદાજિત સ્વરૂપની  છે. યુનિવર્સિટી કોઈપણ આઇટમની ન્યૂનતમ સંખ્યા અથવા કાર્યમાત્રાની ખાતરી આપતી નથી. વાસ્તવિક જરૂરિયાત મુજબ Work Order આપવામાં આવશે અને ચુકવણી માત્ર વાસ્તવિક ઉપયોગના આધારે કરવામાં આવશે.
8. તમામ કાર્યક્રમોમાં સેવા આપવી ફરજીયાત રહેશે.
9. **કાર્યક્રમ શરુ થયા પહેલા સુચના મુજબના સમયે ફરજીયાત ઉપસ્થિત થવાનું રહેશે.**
10. L1 પાર્ટી એ સિક્યુરીટી ડીપોઝીટ તરીકે રૂ.૨૫,૦૦૦/- જમા કરાવવાના રહેશે. 300 ના સ્ટેમ્પ પેપેઅર પર કરાર કરવાનો રહેશે. કરાર નો સમયગાળો પૂર્ણ થયા બાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં આવેલ હશે તો નિયમાનુસાર ડીપોઝીટ પરત કરવામાં આવશે.

**3. કાયદાકીય અને નિયમનકારી જવાબદારીઓ**

1. સેવા પ્રદાતાએ તમામ લાગુ કાયદા, નિયમો, શ્રમ કાયદા, સલામતી ધોરણો તથા સરકારી માર્ગદર્શિકાઓનું પાલન કરવું ફરજિયાત રહેશે.
2. Drone સેવા માટે DGCA અથવા અન્ય સંબંધિત સત્તાધિકારી પાસેથી જરૂરી મંજૂરી મેળવવાની સંપૂર્ણ જવાબદારી સેવા પ્રદાતાની રહેશે.
3. કામગીરી દરમિયાન થતા અકસ્માત, ઇજા, જાનહાનિ, મિલકત નુકસાન અથવા માનવબળ સંબંધિત તમામ જવાબદારીઓ સેવા પ્રદાતાની રહેશે.

4. કૉપિરાઇટ, બૌદ્ધિક સંપત્તિ અધિકાર (IPR) અને ડેટા ગોપનીયતા સંબંધિત તમામ જવાબદારીઓ સેવા પ્રદાતાની રહેશે.

### 4. ડેટા અને માલિકી હક્ક

1. કામગીરી દરમિયાન તૈયાર થયેલા તમામ ફોટોગ્રાફ, વિડિયો, ઓડિયો, Live Streaming Content, Raw Data અને Edited Data ના માલિકી હક્ક સંપૂર્ણપણે યુનિવર્સિટીના રહેશે.
2. યુનિવર્સિટીની પૂર્વ લેખિત મંજૂરી વિના કોઈપણ ફોટો, વિડિયો અથવા ડિજિટલ સામગ્રીનો ઉપયોગ, પ્રકાશન અથવા વ્યાપારી ઉપયોગ કરી શકાશે નહીં.
3. Raw Data તથા Final Edited Data યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં સોંપવાનો રહેશે.

### 5. ચુકવણીની શરતો

1. ચુકવણી માત્ર Work Order મુજબ વાસ્તવિક કામગીરીના આધારે કરવામાં આવશે.
2. સંબંધિત અધિકારી દ્વારા આપવામાં આવેલ Service Completion Certificate રજૂ કર્યા બાદ જ બિલ પ્રક્રિયામાં લેવામાં આવશે.
3. કોઈપણ પ્રકારની Advance Payment કરવામાં આવશે નહીં.
4. દરેક બિલ સાથે કાર્યક્રમનું નામ, તારીખ, સ્થળ અને કામગીરી પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત રહેશે.
5. GST સહિતના તમામ કર, વાહનવ્યવહાર, મજૂરી, સાધનસામગ્રી, Editing, Storage Media, Installation, Operation તથા અન્ય આનુષંગિક ખર્ચ ટેન્ડર દરોમાં સમાવિષ્ટ ગણાશે.
6. દરો કરાર સમયગાળા દરમિયાન સ્થિર રહેશે. કોઈ ભાવવધારો મંજૂર નહીં.

### 6. દંડ (Penalty) અને કરાર રદ કરવાની જોગવાઈ

1. સમયસર હાજર ન રહેવા, કામગીરી અધૂરી રાખવા અથવા ગુણવત્તામાં ખામી જણાય તો યુનિવર્સિટી સંબંધિત બિલમાંથી યોગ્ય કપાત કરી શકશે.
2. કામગીરીમાં વિલંબ, કરાર ભંગ અથવા વારંવારની બેદરકારીના કિસ્સામાં Security Deposit જપ્ત કરી શકાશે.
3. ગંભીર બેદરકારી, ખોટી માહિતી, કૌભાંડ અથવા કરારની શરતોના ઉલ્લંઘનના કિસ્સામાં એજન્સીને Blacklist કરવાની કાર્યવાહી થઈ શકશે.
4. કામગીરી સંતોષકારક ન જણાય તો યુનિવર્સિટી કોઈપણ સમયે કરાર રદ કરી શકશે.

### 7. લાયકાત અને દસ્તાવેજો

1. બિડર પાસે માન્ય PAN Card, GST Registration તથા અન્ય જરૂરી કાયદેસર નોંધણીઓ હોવી આવશ્યક રહેશે.
2. PAN Card, GST Registration Certificate તથા અન્ય જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલો ટેન્ડર સાથે જોડવાની રહેશે.
3. સરકારી વિભાગ, યુનિવર્સિટી, સ્વાયત્ત સંસ્થા, PSU અથવા શૈક્ષણિક, સંસ્થાઓમાં સમાન પ્રકારની સેવાઓનો અનુભવ ધરાવતા બિડરોને પ્રાધાન્ય આપવામાં આવશે.

**8. ટેન્ડર રજૂઆત**

1. ટેન્ડર સીલબંધ કવરમાં રજૂ કરવાનું રહેશે.
2. કવર ઉપર “ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, LED સ્ક્રીન અને વેબ કાસ્ટિંગ સેવા માટેનું ટેન્ડર” એવું સ્પષ્ટ લખવાનું રહેશે.
3. ટેન્ડરના દરેક પાના પર અધિકૃત સહી તથા સિક્કો કરેલો હોવો આવશ્યક રહેશે.
4. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.
5. ટેન્ડર ફી કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

**9. કરારની મુદત**

1. Rate Contract ની મુદત એક (01) વર્ષની રહેશે.
2. પાર્ટીની કામગીરી સંતોષકારક જણાય તો યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ વધુ સમય માટે કરાર આગળ વધારી શકાશે.

**10. યુનિવર્સિટીના અધિકારો**

1. કોઈપણ અથવા તમામ ટેન્ડર સ્વીકારવા, નામંજૂર કરવા, અથવા ટેન્ડર પ્રક્રિયા રદ કરવાનો સંપૂર્ણ અધિકાર યુનિવર્સિટી પાસે રહેશે.
2. યુનિવર્સિટી કોઈપણ સમયે ટેન્ડરની શરતોમાં જરૂરી ફેરફાર કરી શકશે.
3. આ બાબતે યુનિવર્સિટીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

**11. અન્ય શરતો**

- એજન્સીએ તમામ લાગુ કાયદા, નિયમો તથા સલામતી ધોરણોનું પાલન કરવું પડશે.
- કૉપિરાઇટ તથા ડેટા ગોપનીયતા સંબંધિત તમામ જવાબદારી સેવા પ્રદાતાની રહેશે.
- યુનિવર્સિટી જરૂરી જણાય ત્યારે કાર્યમાં ફેરફાર, વધારો અથવા ઘટાડો કરી શકશે.
- કોઈપણ પ્રકારના અકસ્માત, નુકસાન અથવા માનવબળ સંબંધિત જવાબદારી સેવા પ્રદાતાની રહેશે. દરેક કાર્યક્રમ માટે વિભાગ/શાખા દ્વારા માંગણી મુજબ અલગ Job Order / Requisition આપવામાં આવશે. ચૂકવણી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અધિકૃત અધિકારીના Service Completion Certificate ના આધારે કરવામાં આવશે.
- LED Screen, Web Casting, Photography, Videography વગેરે સેવાઓ જરૂરિયાત મુજબ જ લેવામાં આવશે. કોઈ ન્યૂનતમ કામની ખાતરી આપવામાં આવતી નથી. વાસ્તવિક ઉપયોગ મુજબ ચુકવણી કરવામાં આવશે.
- સતાધીકારીની સુચના અને માર્ગદર્શન મુજબ સેવા આપવાની રહેશે.
- યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ તારીખ, સમય અને સ્થળ પર સમયસર ઉપસ્થિત રહીને કામગીરી કરવાની રહેશે.
- તમામ દરોમાં માનવબળ, સાધનો, વાહનવ્યવહાર, સ્થાપન, ઓપરેશન, Editing, Pen Drive/DVD, GST તથા અન્ય તમામ ખર્ચનો સમાવેશ થયેલ ગણાશે.
- દરેક બિલ સાથે કાર્યક્રમનું નામ, તારીખ, સ્થળ અને સેવા પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- યુનિવર્સિટી જરૂરિયાત અને સુચના મુજબ કોઈપણ આઇટમની સંખ્યા વધારી-ઘટાડી શકે છે.

**તા.** **પાર્ટી ના સહી સિક્કા**

# વિડિઓગ્રાફી અને ફોટોગ્રાફી સેવા માટે +ભાવપત્રક

| ક્રમ | સેવાનું નામ | એકમ | INCLUSIVE ALL TAX ભાવ (રૂ.) |
|---|---|---|---|
| 1 | ફોટોગ્રાફર સાથે કેમેરા (8 કલાક / આખો દિવસ) | પ્રતિ વ્યક્તિ | |
| 2 | ફોટોગ્રાફર સાથે કેમેરા (4 કલાક / અડધો દિવસ) | પ્રતિ વ્યક્તિ | |
| 3 | ફોટોગ્રાફર સાથે કેમેરા (2 કલાક) | પ્રતિ વ્યક્તિ | |
| 4 | ફોટોગ્રાફર સાથે કેમેરા (1 કલાક) | પ્રતિ વ્યક્તિ | |
| 5 | વિડિયોગ્રાફર સાથે કેમેરા (8 કલાક / આખો દિવસ) | પ્રતિ વ્યક્તિ | |
| 6 | વિડિયોગ્રાફર સાથે કેમેરા (4 કલાક / અડધો દિવસ) | પ્રતિ વ્યક્તિ | |
| 7 | વિડિયોગ્રાફર સાથે કેમેરા (2 કલાક) | પ્રતિ વ્યક્તિ | |
| 8 | વિડિયોગ્રાફર સાથે કેમેરા (1 કલાક) | પ્રતિ વ્યક્તિ | |
| 9 | LED / Live પ્રસારણ ઓપરેટર, વિડિયો મિક્સર, વાયરિંગ તથા જરૂરી સાધનો સાથે | પ્રતિ કાર્યક્રમ | |
| 10 | Web Casting (જરૂરી સાધનો સાથે) | પ્રતિ કાર્યક્રમ | |
| 11 | LED Screen 8' × 10' | પ્રતિ યુનિટ | |
| 12 | LED Screen 8' × 16' | પ્રતિ યુનિટ | |
| 13 | LED Screen 10' × 20' | પ્રતિ યુનિટ | |
| 14 | LED Screen 6' × 10' | પ્રતિ યુનિટ | |
| 15 | LED TV (Standing/Hanging) – 32" | પ્રતિ નંગ | |
| 16 | LED TV (Standing/Hanging) – 42" | પ્રતિ નંગ | |
| 17 | LED TV (Standing/Hanging) – 52" | પ્રતિ નંગ | |
| 18 | HD Recording તથા Photography Editing સાથે Final Copy (DVD / Pen Drive) | પ્રતિ સેટ | |
| 19 | REEL & Editing (Music/Sound ) સાથે | પ્રતિ રીલ | |

- ઉપરોક્ત તમામ સેવાઓ માટેના દરમાં મજૂરી, વાહનવ્યવહાર, સાધનો,વાયરિંગ, સ્થાપન, ઓપરેશન, પેકિંગ-અનપેકિંગ તથા તમામ પ્રકારના કરવેરા સહિતના ખર્ચનો સમાવેશ થયેલ ગણાશે. યુનિવર્સિટી દ્વારા કોઈ વધારાની ચુકવણી કરવામાં આવશે નહીં.
- કાર્યક્રમના આગલા દિવસે જો કોઈ ડેમો કે રિહર્સલ આપવાના થાય તો તેનો કોઈ અલગ ચાર્જ ચુકવણી કરવામાં આવશે નહીં.
- કાર્યના કલાકોની ગણતરી કાર્યક્રમ શરુ થયાના સમયથી ગણવામાં આવશે. તે મુજબ જ ચુકવણી કરવામાં આવશે.

તા. પાર્ટી ના સહી સિક્કા